## EWS-1
ટી.પી. સ્કીમ નં. ૫/એ સીદસર ફા. પ્લોટ - ૫૬






## EWS-2
ટી.પી. સ્કીમ નં. ૫/એ સીદસર ફા. પ્લોટ - ૬૦






## EWS-3
ટી.પી. સ્કીમ નં. ૫/એ સીદસર ફા. પ્લોટ - ૬૮







FIND ON GOOGLE MAP

| SCHEME CODE | COORDINATE |
|---|---|
| EWS 1 | 21.708046,72.126822 |
| EWS 2 | 21.712912,72.127686 |
| EWS 3 | 21.709000,72.127953 |

KEY PLAN






# પ્રધાનમંત્રી આવાસ યોજના વર્ષ-૨૦૨૨ સુધીમાં સૌને આવાસ...

આર્થિક રીતે નબળા વર્ગનાં લોકો માટે નિર્માણ થનાર ૧૨૫૨ ઇ.ડબલ્યું.એસ.-૨ કેટેગરીનાં આવાસ મેળવવા માટેનું

## અરજીપત્રક અને માહિતી પત્રિકા


ટાઉન પ્લાનીંગ વિભાગ
ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન
સર મંગળસિંહજી રોડ, કાળાનાળા, ભાવનગર.

# પ્રધાનમંત્રી આવાસ યોજના

## આર્થિક રીતે નબળા વર્ગનાં લોકો માટે કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારની સહાય સાથેની ઘરનું ઘર વસાવવાની યોજના

| યોજનાનું સ્થળ | ટી.પી. સ્કીમ નં. ૫/એ સીદસર ફા. પ્લોટ - ૫૬ | ટી.પી. સ્કીમ નં. ૫/એ સીદસર ફા. પ્લોટ - ૬૦ | ટી.પી. સ્કીમ નં. ૫/એ સીદસર ફા. પ્લોટ - ૬૮ |
|---|---|---|---|
| સ્થળનો કોડ | EWS-1 | EWS-2 | EWS-3 |
| યુનીટની સંખ્યા | ૨૦૮ | ૫૭૨ | ૪૭૨ |
| કચેરીનું નામ | કમિશ્નરશ્રીની કચેરી, ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર. | | |
| યોજનાનું નામ | પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે આર્થિક રીતે નબળા વર્ગનાં લોકો માટે ૧૨૫૨ ઇ.ડબલ્યું.એસ.-૨ કેટેગરીનાં આવાસો બનાવવાની યોજના | | |
| કાર્પેટ એરીયા | ૩૯.૯૬ ચો.મી. (૪૩૦.૦૦ ચો.ફુટ) | | |
| સગવડ | 2 BHK (હોલ, ૨-બેડ રૂમ, કિચન, વોશ, એટેચ ટોયલેટ તથા કોમન ટોયલેટ) | | |
| અંદાજીત કિંમત | રૂા. ૮.૫૦ લાખ (જમીનની કિંમત વગર) | | |
| અરજીપત્રક સાથે ભરવાની થતી ડીપોઝીટની રકમ | રૂા. ૧૫,૦૦૦/- | | |
| મેઈન્ટેનન્સ ડીપોઝીટની રકમ | રૂા. ૫૦,૦૦૦/- | | |

## મુખ્ય વિગતો

(૧) યોજના અંતર્ગત આવાસો અંદાજીત **૩૯.૯૬ ચો.મી.** કાર્પેટ એરીયા **(૪૩૦.૦૦ ચો.ફુટ)** અને અંદાજીત બિલ્ટ અપ એરીયા **૪૬.૯૩ ચો.મી. (૫૦૫.૦૦ ચો. ફુટ)** ના બાંધકામવાળા થશે.

(૨) **અંદાજીત ખરેખર થનાર ખર્ચ રૂા. ૮.૫૦ લાખનો થાય તેમ છે. (જમીનની કિંમત વગર) તે મકાનો લાભાર્થીને મળતી તમામ સરકારી (રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર) ની સહાય ઉપરાંત બાકી રહેતી કિંમત અથવા રૂા. ૫.૫૦ લાખ બે પૈકી ઓછી રકમ લઈને ફાળવવામાં આવશે.**

(૩) મેઈન્ટેનન્સ ડીપોઝીટની રકમ **રૂા. ૫૦,૦૦૦/-** અલગથી ભરવાના રહેશે.

(૪) અન્ય કોઈ લીગલ ચાર્જ ભરવાના થાય તો લાભાર્થીએ ભરવાના રહેશે.

(૫) પાયાની તમામ સગવડો જેવી કે, પાણી પુરવઠો, ગટર લાઈન, વિજ પુરવઠો અને પી.એન.જી. કનેકશનની સુવિધાઓ પુરી પાડવામાં આવશે.

(૬) આંગણવાડી / આરોગ્ય કેન્દ્ર / બાળકો માટે કિડાંગણ જેવી સુવિધાઓ માપદંડ મુજબ આપવામાં આવશે.

(૭) દર્શાવેલ પ્લાનીંગ અને બાહ્ય દેખાવ સૂચિત છે. જેમાં ટેકનીકલ જરૂરીયાત મુજબ ફેરફાર થવાની શક્યતા છે, જે લાભાર્થીને બંધનકર્તા રહેશે. માહીતી પત્રિકામાં પ્લાનમાં દર્શાવેલ ફર્નીચર આ યોજનાનો ભાગ નથી.

(૮) જમીન ૯૯ વર્ષનાં ભાડા પટ્ટેથી આપવામાં આવશે જેનો સમય પૂર્ણ થયેથી રીન્યુ કરવામાં આવશે.

(૯) અરજી ફોર્મમાં ફરજીયાત (* નિશાનીવાળી) વિગતો દર્શાવવામાં આવેલ નહીં હોય તો અને અન્ય માહિતી અધુરી જણાશે તો ફોર્મ રદ કરવામાં આવશે.



3D વ્યુ

કાર્પેટ એરીયા
૩૯.૯૬ ચો.મી.
(૪૩૦.૦૦ ચો.ફુટ)

બિલ્ટ અપ એરીયા
૪૬.૯૩ ચો.મી.
(૫૦૫.૦૦ ચો.ફુટ)

કુલ યુનીટ : ૧૨૫૨



યુનીટ પ્લાન




ફ્લોર પ્લાન

## :: યોજનાની મુખ્ય વિશેષતાઓ ::

(૧) આકર્ષક એલીવેશન

(૨) ભુકંપ પ્રતિરોધક બાંધકામ

(૩) વિટ્રીફાઇડ ટાઇલ્સનું ફ્લોરીંગ

(૪) ગ્રીન માર્બલનું કિચન પ્લેટ ફોર્મ

(૫) કેમ્પસમાં પાકા રસ્તા/આકર્ષક ગાર્ડન

(૬) પી.એન.જી. કનેકશન

(૭) પાઉડર કોટેડ એલ્યુમીનીયમ ગ્લાસ સ્લાઈડીંગ વિન્ડોઝ

(૮) મુખ્ય દરવાજો બંને સાઇડ લેમીનેટ શીટનો ફ્લશડોર

(૯) પાર્કિંગમાં તેમજ અન્ય તમામ જરૂરી જગ્યાએ પેવર બ્લોકનું પેવીંગ

(૧૦) નિયમ મુજબ સ્ટાન્ડર્ડ કંપનીની લીફ્ટની સગવડ

(૧૧) ધારાધોરણ મુજબ ફાયર સીસ્ટમની સુવિધા

(૧૨) પાણી અને ડ્રેનેજ સુવિધા

NOTE : This is the typical floor plan. The number of lifts, passage width, stair width, etc. common facilities will change in various plots. However, internal planning of dwelling unit will remain same.

ફોર્મ કિંમત રૂા. ૧૦૦/- (નોન રીફંડેબલ)

ફોર્મ નંબર : PA

# ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

## મહાનગર સેવા સદન, ભાવનગર.

प्रधान मंत्री आवास योजना-शहरी
Pradhan Mantri Awas Yojana-Urban

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

# પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગનાં લોકો માટે નિર્માણ થનાર ૧૨૫૨ ઇ.ડબલ્યું.એસ.-૨ કેટેગરીનાં આવાસ મેળવવા માટેનું અરજીપત્રક

**NOT FOR SALE**

અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી ઉપર આડી સહી અરજદારશ્રીએ કરવાની રહેશે.

(જુઓ સૂચના નં. ૦૭)

✲ નિશાની કરેલ વિગત ફોર્મમાં લખવી ફરજીયાત છે.

| ✲ કેટેગરી (Category) | અનુસૂચિત જન જાતિ (ST) | અનુસૂચિત જાતિ (SC) | બક્ષીપંચ (OBC/SEBC) | અંધજન/અપંગ (BL/PH) | ડીફેન્સ (DEFENCE) | જનરલ (GENERAL) |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**અરજદાર દ્વારા ઉપરોક્ત વિગતમાં ટીક ✓ ખુબ જ સમજી-વિચારી તથા હાલનાં જાતિનાં પ્રમાણપત્ર મુજબની જ કાળજીપૂર્વક ટીક ✓ કરવી. (જુઓ શરત નં. ૧૫ અને ૧૬)**

✲ અરજદારનું પુરું નામ : (આધારકાર્ડ મુજબનું નામ લખવાનું રહેશે.)

(ગુજરાતીમાં) : ______________________

(અંગ્રેજીમાં) : ☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐

કેપીટલ અક્ષરોમાં

મોબાઇલ નંબર : ☐☐☐☐☐☐☐☐☐☐

આધારકાર્ડ નંબર : ☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐

# પ્રધાનમંત્રી આવાસ યોજના

✲ સહ અરજદાર પિતા/માતા/પતિ/પત્નીનું પુરું નામ : (આધારકાર્ડ મુજબનું નામ લખવાનું રહેશે.)

(ગુજરાતીમાં) : ____________________

(અંગ્રેજીમાં) : ☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐

કેપીટલ અક્ષરોમાં

મોબાઇલ નંબર : ☐☐☐☐☐☐☐☐☐☐

આધારકાર્ડ નંબર : ☐☐☐☐☐☐☐☐☐☐☐☐

અરજદાર સાથેનો સંબંધ : ____________________

✲ અરજદારનું હાલનું સરનામું ☐ મકાન પોતાનું છે ☐ કુટુંબનાં સભ્યનું છે ☐ ભાડે છે.

પ્લોટ નં. / ઘર નં. : ____________________

શેરી/સોસાયટી : ____________________

વિસ્તારનું નામ : ____________________

શહેર/ગામનું નામ : ____________________ પીનકોડ નંબર : ☐☐☐☐☐☐

✲ અરજદારનું પત્ર વ્યવહાર માટે કાયમી સરનામું ☐ મકાન પોતાનું છે ☐ કુટુંબનાં સભ્યનું છે ☐ ભાડે છે.

પ્લોટ નં. / ઘર નં. : ____________________

શેરી/સોસાયટી : ____________________

વિસ્તારનું નામ : ____________________

શહેર/ગામનું નામ : ____________________ પીનકોડ નંબર : ☐☐☐☐☐☐

✲ અરજદારનો વ્યવસાય/નોકરી : ____________________

પેઢી/સંસ્થાનું નામ : ____________________

પેઢી/સંસ્થાનું પુરૂ સરનામું : ____________________

✲ અરજદારનાં કે તેના કુટુંબનાં કોઇપણ સભ્યનાં નામે પોતાની માલિકીનું મકાન છે ? જો હા તો તેની વિગત આપવી.

સરનામું : ઘર/ફ્લેટ નં. ____________ મહોલ્લા/શેરી/સોસાયટી ____________

ગામ/શહેર : ____________ જિલ્લો : ____________ પીનકોડ નં. : ☐☐☐☐☐☐

✲ અરજદારનાં કે તેના કુટુંબનાં કોઇપણ સભ્યનાં નામે પોતાની માલિકીની જમીનનો પ્લોટ છે ? જો હા તો તેની વિગત આપવી.

જમીન : ____________ (વાર ચો.ફુટ) ગામ/શહેર : ____________

જિલ્લો : ____________ પીનકોડ નં. : ☐☐☐☐☐☐

* કૌટુંબિક કુલ વાર્ષિક આવક રૂ.______________________________ (જુઓ શરત નં. ૦૨)

* અરજદારનાં કુટુંબનાં સભ્યની વિગત (જુઓ સુચના નં. ૦૬)

| અ.નં. | પુરૂ નામ | આધારકાર્ડ નંબર | ઉંમર | અરજદાર સાથેનો સંબંધ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |

* અરજદારનાં બેંક ખાતાની વિગત : (આધારકાર્ડ સાથે લીંક થયેલ હોય તે બેંક ખાતાની વિગત)

બેંક ખાતા નંબર : | | | | | | | | | | | | | | | | | | | | |

બેંકનું નામ :______________________________

શાખા :______________________________

IFSC કોડ : | | | | | | | | | | | | | | | |

* ફોર્મ સાથે ભરવાની થતી ડીપોઝીટની વિગત :

(i) રકમ રૂ. ૧૫,૦૦૦/- (પંદર હજાર પુરા)

(ii) કેશ/ડી.ડી./પે ઓર્ડર :______________________ તા. / /

(iii) બેન્કનું નામ :______________________________

(iv) ચૂકવણીનું સ્થળ : ભાવનગર

**નોંધ : (ડી.ડી./પે-ઓર્ડર "કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા" નાં નામનો લાવવાનો રહેશે.)**

**(અરજદાર દ્વારા ઉપરની વિગતે જમા કરાવેલ રકમ બાબતની પહોંચ બેંક પાસેથી મેળવી લેવાની રહેશે.)**

મેં ઉપર જણાવેલ હકીકત મારી જાણ અને માન્યતા મુજબ ખરી છે, આ યોજના હેઠળ મેં કરેલ અરજી અંગે યોજનાની શરતો અને સૂચનાઓ વાંચી, સમજી અને વિચારીને અરજી કરેલ છે. તે મને તથા મારા કુટુંબનાં સભ્યોને બંધનકર્તા રહેશે.

સહ અરજદારની સહી ______________________ અરજદારની સહી ______________________

સહ અરજદારનું નામ ______________________ અરજદારનું નામ ______________________

# પ્રધાનમંત્રી આવાસ યોજના

## ✲ આવાસ યોજનાનાં સ્થળોની વિગતો ✲

| અ.નં. | સ્થળનું સરનામું | સ્થળનો કોડ | આવાસોની અંદાજીત સંખ્યા | ફ્લોરની વિગત |
|---|---|---|---|---|
| 1 | ટી.પી. સ્કીમ નં. ૫/એ, ફાઇનલ પ્લોટ નં. ૫૬, હિલપાર્ક ચોકડીથી શાંતિલાલ શાહ એન્જીનીયરીંગ કોલેજ તરફ જવાનાં ૧૮ મી. રોડ પર, સીદસર, ભાવનગર. | EWS1 | ૨૦૮ | Parking+13 |
| 2 | ટી. પી. સ્કીમ નં. ૫/એ, ફાઇનલ પ્લોટ નં. ૬૦, હિલપાર્ક ચોકડીથી શાંતિલાલ શાહ એન્જીનીયરીંગ કોલેજ તરફ જવાનાં ૧૮ મી. રોડ પર, સીદસર, ભાવનગર. | EWS2 | ૫૭૨ | Parking+13 |
| 3 | ટી. પી. સ્કીમ નં. ૫/એ, ફાઇનલ પ્લોટ નં. ૬૮, હિલપાર્ક ચોકડીથી શાંતિલાલ શાહ એન્જીનીયરીંગ કોલેજ તરફ જવાનાં ૧૮ મી. રોડ પર, સીદસર, ભાવનગર. | EWS3 | ૪૭૨ | Parking+10<br>Parking+13 |
| | કુલ... | | ૧૨૫૨ | |

**અરજદારે ઉપર દર્શાવ્યા મુજબનાં સ્થળોની પસંદગીની અગ્રિમતા નીચે મુજબના કોષ્ટકમાં ફરજીયાત જણાવવાની રહે છે. (જુઓ શરત નં. ૧૧)**

| ✲ જે સ્થળે પસંદગી મેળવવાની છે તેનો ક્રમ નંબર | જે સ્થળે પસંદગી જોઇએ છે તે સ્થળનો કોડ નંબર |
|---|---|
| પ્રથમ પસંદગી | EWS - |
| બીજી પસંદગી | EWS - |
| ત્રીજી પસંદગી | EWS - |

☞ આ યોજનાનાં અનુસંધાને મકાન મેળવવાનાં ડ્રોમાં સફળ થયા બાદ ભાવ. મ્યુનિ. કોર્પો. જયારે પણ આગળની ભરવાપાત્ર રકમ ભરવાનું જણાવે, તે રકમ ભરવા હું તૈયાર છું અને જો આ રકમ ભરવામાં હું નિષ્ફળ રહું તો આ સાથે ભરેલ રકમ જપ્ત થશે અને મારી આવાસની ફાળવણી રદ્ થશે જે મને કબુલ મંજુર છે.

☞ આ યોજનાના અનુસંધાને મકાન મેળવવાનાં ડ્રોમાં સફળ થયા બાદ ભાવ. મ્યુનિ. કોર્પો. જયારે પણ જરૂરી આધારોની ખરાઇ કરવા માટે ઓરીજનલ આધાર જોવા માટે મંગાવવામાં આવે ત્યારે હું અવશ્ય રજુ કરીશ. અને જો આ આધારો રજુ કરવામાં હું નિષ્ફળ રહીશ તો મારી આવાસની સાથે ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત થશે અને મારી આવાસની ફાળવણી રદ્ થશે જે મને કબુલ મંજુર છે.

☞ વિશેષમાં અમો જણાવીએ છીએ કે ભાવ. મ્યુનિ. કોર્પો. દ્વારા આ આવાસની યોજનામાં આયોજન, બાંધકામ, સવલતો સુવિધાઓ કે અન્ય કોઇ ફેરફાર નિયમોનુસાર કરાશે, તે અમોને બંધનકર્તા રહેશે. તે અંગે અમો કોઇ દાવો કે વળતરની માંગણી કરી શકીશું નહિ અને ભાવ. મ્યુનિ. કોર્પો. જે કાંઇ શરતો સાર્વજનિક હિતમાં ઠરાવે તે અમોને કબુલ મંજુર રહેશે.

સહ અરજદારની સહી ____________________ અરજદારની સહી ____________________

સહ અરજદારનું નામ ____________________ અરજદારનું નામ ____________________

## ❋ શરતો ❋

(૧) અરજી ફોર્મ સાથે ભરવાની ડીપોઝીટની રકમ રૂા. ૧૫,૦૦૦/- (પંદર હજાર પુરા)

(૨) કુટુંબની વાર્ષિક આવક રૂ. ૩,૦૦,૦૦૦/- સુધી (કુટુંબ એટલે પતિ, પત્ની, સગીર બાળકો તથા આશ્રીત) હોય તેવા અરજદારો જ યોજનામાં લાભ લેવાપાત્ર થશે. આવકની ખોટી એફીડેવીટ રજુ કરનાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

(૩) કુટુંબદીઠ એક જ અરજીપત્રક ભરવાનું રહેશે. કુટુંબના કોઇપણ સભ્યનાં નામે ભારત ભરમાં પોતાની માલિકીનું મકાન/પ્લોટ/જમીન હોવું જોઇએ નહીં.

(૪) કોઇ સંસ્થા / પેઢી / ટ્રસ્ટનાં નામે અરજી કરી શકાશે નહીં.

(૫) અરજદાર અરજીની તારીખે પુખ્ત વયનો હોવો જરૂરી છે એટલે કે અરજદારની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ થયેલ હોવી જરૂરી છે. ઉંમર નક્કી કરવાની જરૂર પડે તેવા કિસ્સામાં શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન મંગાવે ત્યારે રજૂ કરવાનો રહેશે.

(૬) આવાસની તેમજ આવાસનાં સ્થળની ફાળવણી કોમ્પ્યુટરાઇઝડ ડ્રો પધ્ધતિથી કરવામાં આવશે. જે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનાં આવાસ ફાળવણી અંગેનાં નિયમો તથા વિનિમયો અને ધારાધોરણ પ્રમાણે કરવામાં આવશે. અરજદારને ફાળવવામાં આવેલ આવાસની કોમ્પ્યુટરાઇઝડ ડ્રો દ્વારા ફાળવણી ફાઇનલ ગણવામાં આવશે. યોજના સ્થળ કે આવાસ બદલવાની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ડ્રો નાં અંતે મકાનોની ફાળવણી ન થયેલ હોય તેવી અરજીઓ માટે પ્રતિક્ષા યાદી તૈયાર થશે જે ત્યારબાદના ડ્રોમાં સમાવિષ્ટ કરવામાં આવશે અન્યથા માંગણી કર્યેથી અરજીપત્રક સાથે આપવામાં આવેલ ડીપોઝીટની રકમ અરજદારને વ્યાજ વિના પરત કરવામાં આવશે.

(૭) અરજદાર દ્વારા અરજીફોર્મ સાથે ભરેલ ડીપોઝીટ રકમ જો તે યોજનામાં ચાલુ રહેવા માંગતા ન હોય તો કોમ્પ્યુટરાઇઝડ ડ્રોની તારીખ પહેલા અત્રેને લેખિત અરજી કર્યેથી પરત મેળવી શકશે. કોમ્પ્યુટરાઇઝડ ડ્રો થયા પછી સફળ અરજદાર જો રીફંડની માંગણી કરે અથવા કોઇપણ કારણોસર આવાસ રદ્દ કરાવાની માંગણી કરે તો અરજી સાથે ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. તેમજ જમા કરાયેલ ઇન્સ્ટોલમેન્ટની રકમનાં ૫૦% રકમ જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમજ પરત રકમ પર કોઇ વ્યાજ આપવામાં આવશે નહીં.

(૮) મકાનની કુલ કિંમતનાં ઓછામાં ઓછા ૧૦% રકમ (અરજી સાથે ભરપાઇ કરેલ ડીપોઝીટ બાદ કરતાં બાકીની રકમ) ડ્રોમાં સફળ થયા બાદ ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન જણાવે ત્યારે અરજદારે બે માસમાં ભરવાની રહેશે. ત્યારબાદ બાકી રહેતી ૯૦% રકમનાં એક સરખા વીસ (૨૦) ઇન્સ્ટોલમેન્ટ (માસિક) કરી ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન જણાવે તે મુજબ જમા કરાવવાનાં રહેશે. તે ઉપરાંત છેલ્લા ઇન્સ્ટોલમેન્ટ સાથે રૂા. ૫૦,૦૦૦/- મેન્ટેનન્સ ડીપોઝીટ તથા અન્ય ચાર્જીસ પણ ભરપાઇ કરવાનાં રહેશે. (જુઓ પેઇઝ નંબર - ૦૮ ઇન્સ્ટોલમેન્ટની રકમ ભરપાઇ કરવા અંગે સમજણ માટે સૂચિત ટેબલ)

(૯) ઉપરોક્ત શરત નં. ૮ મુજબની વિગતો પ્રમાણે અને ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેખિતમાં જાણ કર્યા મુજબથી આ યોજનાનાં ઇન્સ્ટોલમેન્ટની રકમ લાભાર્થી દ્વારા સમયસર ભરપાઇ કરવામાં નહીં આવે તો લાભાર્થીને કોઇ પણ પ્રકારની લેખિત જાણ કર્યા વગર તેઓનું ફાળવેલ આવાસ રદ્દ કરવામાં આવશે તેમજ ભરપાઇ ડીપોઝીટની રકમ તેમજ જમા કરાયેલ ઇન્સ્ટોલમેન્ટની રકમના ૫૦% રકમ જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ રકમ પર કોઇ વ્યાજ આપવામાં આવશે નહીં. આ માટે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનો અબાધિત હક્ક રહેશે. જે માટે લાભાર્થી દ્વારા કોઇ વાંધો કે તકરાર ઉઠાવવાનો રહેશે નહીં.

(૧૦) કુટુંબદીઠ એક જ અરજીપત્રક ભરવાનું રહેશે. કુટુંબદીઠ જો એક કરતાં વધારે ફોર્મ ભરવામાં આવેલ હશે અને તેઓ કોમ્પ્યુટરાઇઝડ ડ્રો માં સફળ થયેલા હશે તો કુટુંબનાં કોઇ એક વ્યક્તિનું આવાસ માન્ય રાખી બાકીનાં આવાસો રદ કરી, રદ કરવાનાં આવાસ પેટેની ડીપોઝીટ જપ્ત તેમજ જમા કરાયેલ ઇન્સ્ટોલમેન્ટની રકમના ૫૦% રકમ જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ રકમ પર કોઇ વ્યાજ આપવામાં આવશે નહીં. આવા કિસ્સામાં સંપુર્ણ જવાબદારી અરજદારની રહેશે. જે કિસ્સામાં પતિ-પત્નીનાં છુટાછેડા થયેલ હોય તો તે સંદર્ભે નામદાર કોર્ટનો હુકમ અથવા ધારા-ધોરણ મુજબ થયેલ છુટાછેડાનાં આધારો ફરજીયાત રજુ કરવાનાં રહેશે અન્યથા આવાસની ફાળવણી આપોઆપ રદ્દ ગણાશે.

(૧૧) લાભાર્થી દ્વારા જો પસંદગીનાં સ્થળની વિગતો ભરવામાં નહીં આવે તો અત્રેથી કરવામાં આવેલ કોમ્પ્યુટરાઇઝડ ડ્રો મુજબ જે આવાસ ફાળવવામાં આવે તે ફાળવણી સ્વીકારવાની રહેશે. તેમજ લાભાર્થી દ્વારા પસંદગી કરવામાં આવેલ સ્થળો પૈકી કોઈપણ સ્થળ ઉપર આવાસની ફાળવણી કરવામાં આવશે તેવા કિસ્સામાં લાભાર્થી જો આવાસ રદ કરાવશે તો તેમના દ્વારા અરજીપત્રક સાથે ભરવામાં આવેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૧૨) જે લાભાર્થીને આવાસની ફાળવણી તેમના પસંદગી મુજબનાં સ્થળો પૈકીનાં સ્થળે ફાળવણી ન થયેલ હોય તેવા લાભાર્થીઓને અરજીફોર્મ સાથે ભરેલ ડીપોઝીટની રકમ વગર વ્યાજે પરત કરવામાં આવશે.

(૧૩) અરજદાર દ્વારા અરજીપત્રકમાં જે સ્થળની પસંદગી કરેલ હશે. તે મુજબથી કોમ્પ્યુટરાઇઝડ ડ્રો દ્વારા કોઈપણ પસંદગીનાં સ્થળ અને કોઈપણ માળે આવાસ ફાળવવામાં આવશે. તે ફાળવેલ આવાસ સિવાય અન્ય સ્થળે કે અન્ય માળે ટ્રાન્સફર કરી આપવાની અરજદારની કોઈપણ પ્રકારની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૧૪) અરજદારશ્રી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અરજીફોર્મ ભરતા પહેલા પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ સરકારશ્રીની કોઈપણ આવાસ યોજના અંતર્ગત કોઈપણ યોજનામાં લાભ લીધેલ હોવાનું ભવિષ્યમાં માલુમ પડશે તો ફાળવેલ આવાસ રદ કરવાનો ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને અબાધિત હક રહેશે અને ભરવામાં આવેલ રકમ નિયમોનુસાર જપ્ત કરવામાં આવશે.

(૧૫) આરક્ષણ : વિનિમયો મુજબ આરક્ષિત કેટેગરી માટે મકાનો ફાળવવા નીચે મુજબ આરક્ષણ ફાળવવામાં આવેલ છે અને પ્રમાણપત્ર ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન મંગાવે ત્યારે રજુ કરવાનાં રહેશે.

| જૂથ | ટકાવારી | પ્રમાણપત્ર |
|---|---|---|
| ડીફેન્સ | ૧૦% | સેક્રેટરી, જિલ્લા સૈનિક બોર્ડ, ગુજરાત |
| અનુસૂચિત જાતિ | ૭% | ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ ખાતાના અધિકારી/જે તે રાજ્ય સરકારના અધિકૃત કરેલ અધિકારી |
| અનુસૂચિત જન જાતિ | ૧૪% | ઉપર મુજબ |
| બક્ષી પંચ | ૧૦% | ઉપર મુજબ |
| અંધજન/અપંગ અંધજન (અગ્રીમતા) | ૩% | સિવિલ સર્જન (૪૦% કે તેથી વધુ હોઇ તેનેજ લાભ મળવાપાત્ર છે) |

* અરજદારે અરજીપત્રકમાં ટીક કર્યા મુજબનું પ્રમાણપત્ર રજુ ન થાય તો અરજી રદ્દ થવાને પાત્ર છે. આ બાબતની અરજદારની કોઈપણ અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. આરક્ષિત કેટેગરીમાં પુરતી અરજી ન આવે જનરલ કેટેગરીમાં તબદીલ કરાશે. આ બાબતે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનો નિર્ણય આખરી ગણાશે.

(૧૬) જે અરજદાર દ્વારા અનામત કેટેગરી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, બક્ષીપંચ) માં ફોર્મ ભરવામાં આવશે તેમના દ્વારા ગુજરાત સરકારના અધિકૃત કરેલ અધિકારી તેમજ જે તે રાજ્ય સરકારનાં અધિકૃત કરેલ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિનો દાખલો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા ડીપોઝીટ જપ્ત કરી આવાસ રદ કરવામાં આવશે.

(૧૭) આ ફોર્મમાં જણાવેલ સઘળી વિગતો પૈકી જો કોઈપણ માહિતી ખોટી સાબિત થશે તો મકાનની ફાળવણી રદ્દ કરવામાં આવશે અને નિયમોનુસાર રકમ જપ્ત કરવામાં આવશે તેમજ અરજદાર સામે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

(૧૮) ફોર્મમાં અધુરી માહિતી તથા ખોટી માહિતી ભરવાથી રદ થનાર ફોર્મ બાબતે અથવા રીફંડ બાબતે ઉદ્દભવતા પ્રશ્નોની સંપૂર્ણ જવાબદારી અરજદારની રહેશે માટે તમામ વિગતો સાચી અને સ્પષ્ટ લખવી.

(૧૯) લાભાર્થીને આવાસનો માલિકી હક્ક આપવામાં આવશે, પરંતુ આવાસનો કબજો મળ્યેથી ૭ (સાત) વર્ષ સુધી લાભાર્થી દ્વારા આવાસ ભાડે કે અન્ય કોઈને રહેવા માટે આપી શકાશે નહીં તેમજ વહેંચી શકાશે નહીં. સદરહુ બાબતમાં કોઈ ચૂક જણાશે તો તેઓની ફાળવણી રદ કરવામાં આવશે અને ફાળવેલ આવાસ જપ્ત કરવામાં આવશે અને નિયમો અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

(૨૦) ફાળવેલ આવાસનો વેચાણ અંગે અથવા ફાળવણી કરાર અંગેની કોઈપણ બોલી કે શરતોનો ભંગ થવાનાં કિસ્સામાં અથવા તો આ આવાસનો કોઈપણ રીતે અનઅધિકૃત, ગેરવ્યાજબી, ગેરકાયદેસર કે વિવાદાસ્પદ ઉપયોગ થવાના કિસ્સામાં અથવા ફાળવેલ આવાસનો રહેણાંક સિવાય અન્ય ઉપયોગ કરવાનાં કિસ્સામાં લાભાર્થી તેના કૃત્ય બદલ સંપૂર્ણપણે જવાબદાર રહેશે. આવા કૃત્ય કરનાર સામે વગર નોટીસે આવાસનો કબજો પરત લેવામાં આવશે અને ફાળવણી રદ કરવામાં આવશે.

(૨૧) આવાસ યોજનાનાં મકાનની કબ્જા ફાળવણી થાય ત્યાં સુધીમાં લાભાર્થીએ આવાસની નક્કી થયેલ પુરેપુરી રકમ ભરપાઇ કરવાની રહેશે. ત્યારબાદ જ લાભાર્થીને ફાળવવામાં આવેલ આવાસનો કબજો સોંપવામાં આવશે.

(૨૨) બેંક મારફતે લોન મેળવવા લાભાર્થીએ આપમેળે પ્રયત્નો કરવાનાં રહેશે. યોજનાની લોન અંગે જરૂરી આધાર પુરાવા ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી બેંક / ફાયનાન્સ કંપનીની માંગણીનાં અનુસંધાને પુરા પાડવામાં આવશે. બેંક લોન લેતા સમયે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં લાભાર્થીનાં સ્વખર્ચે ત્રિપક્ષીય કરાર કરી આપવામાં આવશે.

(૨૩) લાભાર્થીઓએ (UID) યુ.આઇ.ડી. માં નોંધણી કરાવવાની રહેશે. તેમજ લાભાર્થીનાં (પતિ-પત્ની બંનેની તેમજ અપરિણીત કિસ્સામાં કુટુંબના સભ્યોનાં) આધારકાર્ડ મુજબની માહિતી અરજીફોર્મમાં અચુક ભરવાની રહેશે.

(૨૪) આવાસની ફાળવણી બાદ અરજદાર કે સહઅરજદાર (બે માંથી કોઇપણ એક)ના અવસાનનાં કિસ્સામાં જો નામ કમી કરવાનું થશે અથવા અરજદાર તેમજ સહઅરજદાર બંનેનાં અવસાનનાં કિસ્સામાં સીધી લીટીનાં વારસદારની તરફેણમાં વારસાઇ હક્ક નિયમોનુસાર તબદીલ કરવામાં આવશે. અન્ય કિસ્સામાં વારસાઇ ધારાની જોગવાઇ અનુસાર ન્યાયિક અદાલતમાંથી પ્રોબેટ / કોર્ટનો વારસાઇ હુકમ રજુ કરવો જરૂરી રહેશે તેમજ આ અંગેની તમામ કાર્યવાહી અરજદારે કરવાની રહેશે.

(૨૫) આવાસની ફાળવણી બાદ આવાસની સંયુક્ત માલિકી (પતિ-પત્ની) ની રહેશે અલબત તેમાં મહિલાનો હક્ક પ્રથમ ગણી કન્વેયન્સ ડીડ (દસ્તાવેજ) કરવાનો રહેશે.

(૨૬) આવાસની માલિકી લાભાર્થીની રહેશે જયારે જમીનની માલિકી ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે. તેમજ લાભાર્થીને આવાસની ફાળવણી થયેથી ૯૯ વર્ષનાં ભાડાપટ્ટેથી જમીન ફાળવણી કરવા તેમજ કન્વેયન્સ ડીડ (દસ્તાવેજ) કરી આપવામાં આવશે. જેનો ખર્ચ અરજદારે / લાભાર્થીએ પોતે ભોગવવાનો રહેશે.

(૨૭) આ યોજનાનાં કુલ ૩ (ત્રણ) સ્થળો પૈકીનાં કોઇ સ્થળ માટે અપુરતા લાભાર્થી મળતા કે એરપોર્ટ ઓથોરીટીનાં **Height Clearance Certificate** કે અન્ય કારણોસર જે કોઇ સ્થળ પર આવાસો બનાવવાનું રદ્દ કરવામાં આવે અથવા બિલ્ડીંગનાં ફ્લોર ઘટાડવામાં આવે તો, તે સ્થળ પર પસંદગી કરાયેલ લાભાર્થીઓને અન્ય સ્થળો પર બનાવેલ આવાસો ઉપલબ્ધ હશે તો ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન જે આવાસો ફાળવે તે સ્વીકારવાનાં રહેશે. તેમજ આવા કિસ્સામાં ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે કોઇપણ નિર્ણય કરવામાં આવે તો તે અરજદાર / લાભાર્થીને કબૂલ, મંજુર અને બંધનકર્તા રહેશે.

(૨૮) લાભાર્થીઓને મકાનનો વ્યક્તિગત કબજો સોંપતા પહેલા તમામ લાભાર્થીઓ દ્વારા એસોસીએશનની રચના કરવાની રહેશે. જેનાં હોદ્દેદારોએ કોમન સુવિધાઓ જેવી કે પાણી પુરવઠો, ગટર, સ્ટ્રીટ લાઇટ, રસ્તા, લીફ્ટ, સીક્યુરીટી વિગેરેનો કબજો સંભાળી લેવાનો રહેશે અને આ સઘળી સુવિધાઓ ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનાં નામે સ્થાનીક સંસ્થામાં નોંધાયેલ હશે તો એસોસીએશનનાં નામે તબદીલી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ તેની મરામત / જાળવણી કરવાની રહેશે. અને તેને લગતો ખર્ચ એસોસીએશનને ભોગવવાનો રહેશે. આ અંગે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહીં.

(૨૯) ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મકાનની સાથે વસુલવામાં આવેલ મેઇન્ટેનન્સ ડીપોઝીટની રકમ સામાન્ય સુવિધાઓ તબદીલ કરતી વેળા એ જ એસોસીએશનનાં બેંક ખાતામાં જમા કરવામાં આવશે. જે રકમમાંથી સમગ્ર વસાહતની સામાન્ય સુવિધાની મરામત/ નિભાવણીની જરૂરી વ્યવસ્થા જે-તે એસોસીએશન દ્વારા જ કરવાની રહેશે. પરંતુ એસોસીએશનની રચના થયા પહેલા સદર સ્કીમની મરામત અને નિભાવણી અંગેનો ખર્ચ ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન જે-તે સ્કીમનાં લાભાર્થીઓનાં મેઇન્ટેનન્સ ડીપોઝીટમાંથી આકારી શકશે.

(૩૦) લાભાર્થીને રીફંડ કે ડીપોઝીટની રકમ ચેક/ડી.ડી. મારફતે પરત કરવામાં આવશે.

(૩૧) અરજદાર ફોર્મમાં જણાવેલ પત્ર વ્યવહારનું કાયમી સરનામું બદલે તો તે અંગેની જાણ લેખિતમાં ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવાની રહેશે. અન્યથા સરનામાનાં અભાવે નોટીસ કે પત્ર પરત આવશે તો, તે માટે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહીં.

(૩૨) આ યોજના/શરતોમાં ફેરફાર કરવા અથવા યોજના મુલત્વી રાખવાનો કમિશ્નરશ્રી, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનો અબાધિત હક્ક રહેશે.

(૩૩) યોજનાને લગતી તમામ બાબતો પરત્વે ન્યાયીક ક્ષેત્ર ભાવનગર રહેશે.

ઉપરોક્ત જણાવેલ શરતો અમો દ્વારા પુરેપુરી વાંચી, સમજી, વિચારીને અરજી કરાયેલ છે જે મને અને મારા કુટુંબનાં સભ્યોને સંપૂર્ણપણે કબુલ, મંજુર અને બંધનકર્તા રહેશે.

સહ અરજદારની સહી ________________ અરજદારની સહી ________________

સહ અરજદારનું નામ ________________ અરજદારનું નામ ________________

તારીખ : ________________

સ્થળ : ________________

## * ઈન્સ્ટોલમેન્ટની રકમ ભરપાઈ કરવા અંગે સમજણ માટેનું સૂચિત ટેબલ *

| ક્રમ | વિગત | ઈન્સ્ટોલમેન્ટ ભરપાઈ કરવાનો સંભવિત સમયગાળો | જમા કરવાની રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | ડીપોઝીટ | અરજીપત્રક સાથે | ૧૫,૦૦૦/- |
| ૨ | પ્રથમ ઈન્સ્ટોલમેન્ટ | પહેલા મહિને | ૨૭,૫૦૦/- |
| ૩ | બીજો ઈન્સ્ટોલમેન્ટ | બીજા મહિને | ૨૭,૫૦૦/- |
| ૪ | ત્રીજો ઈન્સ્ટોલમેન્ટ | ત્રીજા મહિને | ૨૪,૦૦૦/- |
| ૫ | ચોથો ઈન્સ્ટોલમેન્ટ | ચોથા મહિને | ૨૪,૦૦૦/- |
| ૬ | પાંચમો ઈન્સ્ટોલમેન્ટ | પાંચમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૭ | છઠ્ઠો ઈન્સ્ટોલમેન્ટ | છઠ્ઠા મહિને | ૨૪,૦૦૦/- |
| ૮ | સાતમો ઈન્સ્ટોલમેન્ટ | સાતમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૯ | આઠમો ઈન્સ્ટોલમેન્ટ | આઠમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૧૦ | નવમો ઈન્સ્ટોલમેન્ટ | નવમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૧૧ | દસમો ઈન્સ્ટોલમેન્ટ | દસમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૧૨ | અગિયારમો ઈન્સ્ટોલમેન્ટ | અગીયારમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૧૩ | બારમો ઈન્સ્ટોલમેન્ટ | બારમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૧૪ | તેરમો ઈન્સ્ટોલમેન્ટ | તેરમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૧૫ | ચૌદમો ઈન્સ્ટોલમેન્ટ | ચૌદમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૧૬ | પંદરમો ઈન્સ્ટોલમેન્ટ | પંદરમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૧૭ | સોળમો ઈન્સ્ટોલમેન્ટ | સોળમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૧૮ | સત્તરમો ઈન્સ્ટોલમેન્ટ | સતરમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૧૯ | અઢારમો ઈન્સ્ટોલમેન્ટ | અઢારમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૨૦ | ઓગણીસમો ઈન્સ્ટોલમેન્ટ | ઓગણીસમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૨૧ | વીસમો ઈન્સ્ટોલમેન્ટ | વીસમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૨૨ | એકવીસમો ઈન્સ્ટોલમેન્ટ | એકવીસમાં મહિને | ૨૪,૦૦૦/- |
| ૨૩ | બાવીસમો ઈન્સ્ટોલમેન્ટ | બાવીસમાં મહિને | ૨૪,૦૦૦/- |
| | કુલ ભરવાની થતી રકમ | રૂા. પાંચ લાખ પચાસ હજાર પૂરા | ૫,૫૦,૦૦૦/- |
| | મેઈન્ટેનન્સ ડીપોઝીટની રકમ | ત્રેવીસમાં મહિને | ૫૦,૦૦૦/- |

**નોંધ :-** ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેખિતમાં જાણ કર્યા મુજબથી આ યોજનાના ઉપરોક્ત સૂચિત ટેબલ મુજબ ઈન્સ્ટોલમેન્ટની રકમ લાભાર્થી દ્વારા સમયસર ભરપાઇ કરવાની રહેશે. જો આ રકમ લાભાર્થી દ્વારા સમયસર ભરપાઇ કરવામાં નહીં આવે તો લાભાર્થીને કોઇપણ પ્રકારની લેખિત જાણ કર્યા વગર તેઓનું ફાળવેલ આવાસ રદ્દ કરવામાં આવશે તેમજ ભરપાઇ ડીપોઝીટની રકમ તેમજ જમા કરાયેલ ઇન્સ્ટોલમેન્ટની રકમના ૫૦% રકમ જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ રકમ પર કોઇ વ્યાજ આપવામાં આવશે નહિ. આ માટે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનો અબાધિત હક્ક રહેશે. જે માટે લાભાર્થી દ્વારા કોઇ વાંધો કે તકરાર ઉઠાવવાનો રહેશે નહીં.

# * સોગંદનામું *

આથી હું સહી કરનાર શ્રીમાન/શ્રીમતી/કુમારી.......................................................................

ઉંમર વર્ષ આશરે................ધંધો/વ્યવસાય/નોકરી....................................... રહેવાસી...................................

.....................................................................તાલુકો/જીલ્લો..................................................

આથી આ સોગંદનામા દ્વારા નીચે પ્રમાણે અંતઃકરણપૂર્વક જાહેર કરું છું અને પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે

(૧) કુટુંબનાં કોઇ પણ સભ્યનાં નામે ભારતભરમાં માલીકીનું મકાન/પ્લોટ/જમીન નથી. મારા કે / મારા પત્ની / પતિ કે કુટુંબનાં કોઇ પણ સભ્યનાં નામે રહેણાંકનું મકાન કે ફ્લેટ કોઇ કો. ઓ. હા. સર્વિસ સોસાયટીમાં કે અન્ય રીતે ભાડા ખરીદ યોજના હેઠળ માલિકીનું નથી.

(૨) મારી તથા મારા કુટુંબની બધા સાધનોમાંથી કુલ વાર્ષિક આવક રૂા........................................ છે.

(૩) ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી આર્થિક રીતે પછાત વર્ગનાં લોકો માટે ફાળવવામાં આવનાર મકાનો અંગે જે નીતિ નિયમો કરવામાં આવ્યા છે તે મને બંધનકર્તા છે અને ભવિષ્યમાં જે ફેરફારો કરવામાં આવશે તે મને બંધનકર્તા રહેશે.

(૪) ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મને જે મકાન ફાળવવામાં આવશે તેના હપ્તા હું નિયમ મુજબ સમયસર ભરી આપીશ તેમજ તેની કિંમતને લગતાં નિયત સમયમાં નિયત હપ્તાની રકમ દંડ કે દંડનીય વ્યાજ, વેરો કે ઇતર રકમ રજીસ્ટ્રેશનની તે હું ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન જે નક્કી કરે તે અધિકૃત સંસ્થાને ભરપાઇ કરવા બંધાઉ છું.

(૫) આર્થિક રીતે પછાત વર્ગનાં લોકોની આ યોજના હેઠળ રચવામાં આવતા એસોસીએશનનો હું સભ્ય થવા સહમત છું અને તેના નીતિ નિયમોનું પાલન કરીશ.

(૬) ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મને જે આવાસ ડ્રોમાં ફાળવવામાં આવશે તે મને બંધનકર્તા રહેશે. અને તે બદલવા માટે હું કોઇ પણ પ્રકારની અરજી કરીશ નહીં.

(૭) આવાસ પેટેની તમામ રકમ અને મેઇન્ટેનન્સ ડીપોઝીટની રકમ ભરપાઇ થયા બાદ આવાસની સોંપણી કરવામાં આવશે. જેની મને જાણ છે. યોજનાનાં સમયગાળામાં કે પ્લાનમાં કોઇપણ ફેરફાર થશે તો તે બાબતે હું વાંધો તકરાર કરીશ નહીં.

(૮) પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કોઇ પણ યોજનામાં કુટુંબનાં કોઇ પણ સભ્યએ લાભ મેળવેલ નથી. જેની હું ખાતરી આપું છું.

(૯) મારી તથા મારા કુટુંબનાં સભ્યોની આધારકાર્ડની વિગતો સરકારશ્રીના MIS પોર્ટલમાં એન્ટ્રી કરવા માટે હું સહમતિ આપું છું.

(૧૦) ઉપરોક્ત વિગતો પૈકી કોઇ વિગતો ખોટી ઠરે તો ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન જે કોઇ નિર્ણય કરશે તે મને કબુલ મંજૂર અને બંધનકર્તા રહેશે અને ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સામે હું કોઇ કાયદાકીય કાર્યવાહી કરીશ નહીં.

(૧૧) વધુમાં મને કબુલ મંજુર છે કે, મેં આ યોજનામાં એક જ અરજી કરેલ છે અને તે પણ અસલ અરજીપત્રકમાં જ, કારણ કે અરજીપત્રકની કોઇ પણ પ્રકારની નકલ સ્વીકાર્ય નથી. જો કોઇપણ અરજીપત્રકની ઝેરોક્ષ કરવામાં આવેલ હશે તો ઝેરોક્ષ તેમજ તે જ નંબરનું અસલ અરજીપત્રક રદ કરવામાં આવશે તેની મને જાણ છે.

(૧૨) ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોઇપણ કારણોસર ફાળવેલ આવાસ રદ્દ કરવામાં આવ્યેથી ભરપાઇ રકમ નિયમ અનુસાર જપ્ત કરવામાં આવશે, તે બાબતે હું વાંધો - તકરાર કરીશ નહીં.

સહ અરજદારની સહી ______________________ અરજદારની સહી ______________________

સહ અરજદારનું નામ ______________________ અરજદારનું નામ ______________________

તારીખ : ______________________

સ્થળ : ______________________

## સૂચનાઓ

(૧) અરજીપત્રક સાથે અન્ય કોઇ દસ્તાવેજ બીડાણ કરવાનાં નથી. જ્યારે અરજદાર કોમ્પ્યુટરાઇઝડ ડ્રો માં સફળ થાય ત્યારે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અરજદાર પાસે મંગાવવામાં આવે ત્યારે જ દસ્તાવેજો તથા બીડાણો રજુ કરવાનાં રહેશે. તેમજ દસ્તાવેજ/આધારો રજૂ કરવામાં નિષ્ફળ જનારનું અરજીપત્રક રદ્દ કરવામાં આવશે તથા અરજીપત્રક સાથે ભરેલી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૨) અરજદારે કૌટુંબિક કુલ વાર્ષિક આવક માટે મામલતદારશ્રીનું આવકનું પ્રમાણપત્ર/રાજ્ય સરકાર દ્વારા અધિકૃત કરેલ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર આપવું ફરજીયાત છે.

(૩) આરક્ષિત કેટેગરી માટે શરતોમાં જણાવ્યા મુજબ પ્રમાણપત્ર આપવું ફરજીયાત છે.

(૪) અરજદારે અરજીફોર્મમાં આધારકાર્ડ મુજબનું નામ ફરજીયાત પણે દર્શાવવાનું રહેશે.

(૫) અરજદારે અરજીપત્રકમાં જણાવેલ કાયમી પત્ર-વ્યવહારનાં સરનામાં અથવા પ્રથમ ક્રમાંક વાળાં મોબાઇલ નંબર ઉપર એસ.એમ.એસ. થી ડ્રો અંગેની તેમજ અન્ય જાણકારી મોકલવામાં આવશે.

(૬) આ યોજના માટે કુટુંબ એટલે અરજદાર પોતે, અરજદારનાં પતિ/પત્ની, સગીર બાળકો તથા આશ્રીત.

(૭) અરજીપત્રક ઉપર ફોટો સ્ટેપલ કરવો નહીં. માત્ર ગુંદર કે તેવા એડહેસીવ મટીરીયલથી વ્યવસ્થિત રીતે ચોંટાડેલ હોવો જોઇએ. તેમજ સહી અડધી ફોટો ઉપર અને અડધી ફોર્મ ઉપર આવે તેમ કરવાની રહેશે.

(૮) અરજીપત્રક મેળવવાની તા.૧૭/૦૮/૨૦૨૦ થી તા.૧૭/૦૯/૨૦૨૦ સુધીની રહેશે. ત્યારબાદ અરજીપત્રક આપવામાં આવશે નહીં. અરજીપત્રક ભાવનગર શહેરમાં આવેલ કોટક મહિન્દ્રા બેંકની વાઘાવાડી રોડ ખાતેની શાખા પરથી બેંકોનાં ચાલુ દિવસોએ કામકાજનાં કલાકો દરમ્યાન મેળવી શકાશે. ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇ પણ કચેરીથી અરજીપત્રક મળશે નહીં.

(૯) અરજીપત્રક તથા તે સાથે સામેલ સૂચનાઓ અને શરતોનો સંપૂર્ણ અભ્યાસ કરી ભરેલ અરજીપત્રક તથા તે સાથે ભરવાની રકમ કેશ / ડી.ડી. / પે-ઓર્ડર ભાવનગર શહેરમાં આવેલ કોટક મહિન્દ્રા બેંકની વાઘાવાડી રોડ ખાતેની શાખા પર તા.૨૫/૦૯/૨૦૨૦ સુધીમાં ચાલુ કામકાજનાં દિવસે તથા નિયત સમય મર્યાદામાં પરત કરવાનાં રહેશે.

(૧૦) જો અરજદારે ખોટી માહિતી આપેલ હશે અથવા જો કોઇ સત્ય હકીકત છુપાવેલ માલુમ પડશે તો તેઓનાં સાથે કોઇપણ જાતનો પત્ર વ્યવહાર કર્યા સિવાય તેઓની અરજી આપોઆપ રદ્દ થશે અને યોજનામાં ફાળવણીનો તેઓનો કોઇ હક્ક રહેશે નહીં તેમજ ભરેલી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ ભરપાઇ કરેલ ઇન્સ્ટોલમેન્ટની રકમ નિયમોનુસાર જપ્ત કરવામાં આવશે.

(૧૧) અરજદાર કોમ્પ્યુટર ડ્રોમાં સફળ થયેથી મકાન ફાળવણી અંગે તેઓનો હક્ક થતો નથી. પરંતુ ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલ મકાનોની સંખ્યા પ્રમાણે અધિકૃત હશે અને જરૂરી રકમો આપેલ મુદ્દતમાં ભરેલ હશે તો જ તેઓની અરજી મકાન ફાળવણી માટે વિચારવામાં આવશે.

(૧૨) ઓનલાઇન ફોર્મ તથા ઓનલાઇન નાણાં ભરનારને તેઓની પહોંચ પોતે જ ઓનલાઇન પ્રિન્ટ કરી લેવાની રહેશે. જેમાં તેમનો યુનિક આઇ.ડી. નંબર જણાવેલ હશે. (વેબસાઇટ : **www.bmcgujarat.com**)

(૧૩) અરજીપત્રકમાં જે જગ્યા પર અરજદાર તથા સહ અરજદારની સહી અને નામની વિગત ભરવા દર્શાવેલ છે. જે વિગતો બિન-ચૂક ભરવાની રહેશે.

(૧૪) અરજીપત્રકમાં ભરવાની રહેતી વિગતો બાબતે કોઇપણ અસમજતા રહેતી હોય તો ટાઉન પ્લાનીંગ વિભાગ, ચોથો માળ, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઓફીસનાં કામકાજનાં સમય દરમ્યાન બીનચૂક સંપર્ક કરવાનો રાખશો.

હું ઉપર ફોર્મમાં જણાવેલ સૂચનાઓ તથા અરજીપત્રકમાં લખેલ તમામ વિગતો / શરતો મેં પુરેપુરી વાંચી, સમજી, વિચારીને ભરેલ છે અને ફોર્મમાં જણાવેલ સુચનાઓ તથા અરજીપત્રકમાં લખેલ તમામ વિગત/શરતો મને સંપૂર્ણપણે કબૂલ મંજુર અને બંધનકર્તા રહેશે.

સહ અરજદારની સહી ____________________ અરજદારની સહી ____________________

સહ અરજદારનું નામ ____________________ અરજદારનું નામ ____________________

તારીખ : ____________________

સ્થળ : ____________________

સાક્ષીની સહી ____________________

સાક્ષીનું નામ ____________________

સાક્ષીનું સરનામું ____________________

____________________

સાક્ષીનો મોબાઇલ નં. : | | | | | | | | | | |

# ફક્ત કચેરીનાં ઉપયોગ સારું

(અરજદારે ભરવું નહીં)

## * ચેક લીસ્ટ *

ફોર્મ નં. : PA

| ક્રમ | વિગત | હા | ના |
|---|---|---|---|
| ૧ | અરજદારે પોતાનો ફોટો લગાવેલ છે ? | | |
| ૨ | સોગંદનામું રજૂ કરેલ છે ? | | |
| ૩ | વાર્ષિક આવક રૂા. ૩,૦૦,૦૦૦/- સુધીની આવક મર્યાદામાં આવે છે કે કેમ ? | | |
| ૪ | લાભાર્થીએ રહેણાંકનો પુરાવો રજૂ કરેલ છે ? | | |
| ૫ | અરજદારની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ છે કે કેમ ? | | |
| ૬ | અરજદારનાં નામે ભારત ભરમાં માલિકીનું મકાન / પ્લોટ / જમીન છે કે કેમ ? | | |
| ૭ | અરજદારે રૂા. ૧૫,૦૦૦/- ડીપોઝીટ / રજીસ્ટ્રેશન ફી જમા કરાવેલ છે ? | | |
| ૮ | અરજદારે સહી/અંગુઠો કરેલ છે ? | | |
| ૯ | અરજદાર, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ/અનુસૂચિત જાતિ/અનુસુચિન જનજાતિ/શા.ખો.ખા./ ડીફેન્સ પૈકી જે કેટેગરીમાં આવે છે તેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર સામેલ કરેલ છે ? (જનરલ સિવાય) | | |
| ૧૦ | અરજદારે આધારકાર્ડ રજૂ કરેલ છે ? | | |
| ૧૧ | ફોર્મ મંજૂર કરવાપાત્ર છે કે કેમ ? | | |

* ના મંજૂર કરવાપાત્ર હોય તો તેનું વિગતવાર કારણ :

ચકાસણી કરનાર અધિકારીનું નામ :...............................................................સહી...........................

ફોર્મ મંજૂર કરવામાં આવે છે કે નામંજુર ?........................................................(મંજુર/ના મંજુર સ્વહસ્તે લખવાનું રહેશે.)

જો ફોર્મ ના મંજુર કરવામાં આવે તો તેનું કારણ..................................................................................

..........................................................................................................................

અધિકારી/કર્મચારીની સહી

---

ફોર્મ નં. : PA

અરજદારશ્રી/શ્રીમાન/શ્રીમતી/કુમારી....................................................................................ની અરજી સાથે

રૂા. ...૧૫,૦૦૦/-...

અંકે રૂપિયા.....પંદર હજાર.....પુરાનો કેશ/ડી.ડી./પે.ઓર્ડર નં.......................................................

તા............................................ નો ઈસ્યુ કરનાર બેંકનું નામ :.........................................................

તથા.......................................................બ્રાંચનો અરજીની રકમ પેટે મળેલ છે.

ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વતી
સ્વીકારનારની સહી તથા સિક્કો